હાશ, હવે પ્રચાર પડઘમ શાંત

નરેન્દ્ર મોદી, રાહુલ ગાંધી સહિત તમામે છેલ્લી તાકાત લગાવી : ત્રણ રાજ્યોને આવરી લેતી લોકસભાની ૪૧ બેઠક પર મતદાન થશે : નરેન્દ્ર મોદી, કેજરીવાલ, અજય રાયને આવરી લેતી વારાણસી પર તમામની નજર

નવી દિલ્હી,તા. ૧૦

લોકસભાની ચૂંટણી માટે લાંબી કવાયત હવે પૂર્ણાહૂતિના આરે પહોંચી ગઈ છે. આજે અંતિમ તબક્કાના મતદાન માટે સાંજે ચૂંટણી પ્રચારનો અંત આવી ગયો હતો. ૧૨મી મેના દિવસે ત્રણ રાજ્યોને આવરી લેતી લોકસભાની ૪૧ બેઠકો ઉપર મતદાન યોજાશે. તમામની નજર વારાણસીમાં યોજાનાર મતદાન ઉપર કેન્દ્રિત થઈ ગઈ છે. કારણ કે અહીં અનેક દિગ્ગજ ઉમેદવાર મેદાનમાં છે જેમાં ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી, કોંગ્રેસના ઉમેદવાર અજય રાય અને આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલનો સમાવેશ થાય છે. વારાણસી ઉપર તમામ રાજકીય પક્ષોની નજર પણ કેન્દ્રિત થઈ ગઈ છે. અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા માત્ર વારાણસીમાં જ નહીં બલ્કે દેશના અન્ય જે રાજ્યોમાં મતદાન યોજાનાર છે તેમાં પણ ગોઠવી દેવામાં આવી છે. અંતિમ તબક્કામાં ઉમેદવારોની સંખ્યા ૬૦૦થી પણ વધારે છે જેપૈકી ફોજદારી કેસ ધરાવતા ઉમેદવારોની સંખ્યા ૧૧૯ છે. આજે ચૂંટણી પ્રચારના અંતિમ દિવસે તમામ પક્ષોએ તમામ તાકાત લગાવી દીધી હતી. ભાજપ તરફથી વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ જુદી જુદી જગ્યાઓએ પ્રચારમાં ભાગ લીધો હતો. બીજી બાજુ રાહુલ ગાંધીએ વારાણસીમાં શક્તિ પ્રદર્શન કર્યું હતું.

● અનુસંધાન પાન-૭ પર

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

લાત મારવા કરતાં પીઠ થાબડવામાં મહેનત ઓછી અને પરિણામ સારું
- બર્નાડ શો

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૬૦ | ૧૧ મે, ૨૦૧૪, રવિવાર; વૈશાખ સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

NEWS બિટ્સ

● રાજનાથ, મોદી અને ભાગવત વચ્ચે ખાનગી બેઠક

દિલ્હી આરએસએસના કાર્યાલય ખાતે શનિવારે સાંજે ભાજપના પ્રધાનમંત્રીપદના દાવેદાર નરેન્દ્ર મોદી, ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ રાજનાથસિંહ અને આરએસએસના વડા મોહન ભાગવત વચ્ચે મહત્વની ગુપ્ત બેઠક યોજાઈ હતી. અંતિમ તબક્કાના મતદાન પૂર્વે કેટલીક રણનીતિ અંગે વિચાર-વિમર્શ કરાયાનું સુત્રો જણાવે છે. સાથોસાથ પરિણામો બાદ કેવી રણનીતિ અખત્યાર કરવી તેવી જો અને તો ની ચર્ચાઓ થઈ હતી.

● શાહરૂખ સહિત પાંચ કલાકારોને હાઈકોર્ટની નોટીસ

મધ્યપ્રદેશની હાઈકોર્ટે બોલીવુડના પાંચ કલાકારોને રાજ્યમાં દારૂની જાહેરાત કરીને રાજ્યના એક્સાઈઝ એક્ટનો ભંગ કરવા બદલ નોટીસ જારી કરી છે. એક્ટર સૈફઅલીખાન, મનોજ બાજપાઈ, અજય દેવગણ, સુનિલ શેટ્ટી, શાહરૂખખાનને કોર્ટે તેમનો જવાબ રજુ કરવા જણાવ્યું છે.

● અમિતાભ નવા લુકમાં જોવા મળશે

આગામી દિવસોમાં અમિતાભ બચ્ચન એક નવા લુકમાં જોવા મળશે. એક નવી ફિલ્મ માટે અમિતાભનો મેકઅપ ડોમીની ટીલ નામના મેકઅપ આર્ટીસ્ટ દ્વારા તૈયાર કરાશે. મેકઅપ આર્ટીસ્ટ અંગે અમિતાભે ટ્વીટ કરતા જણાવ્યું હતું કે ૨૦૦૯માં રીલીઝ થયેલી ફિલ્મ 'પા'માં પણ ડોમીનીએ મારો મેકઅપ કર્યો હતો. હવે ફરી એક વખત ડોમીની મારી આગામી ફિલ્મ માટે મારા લુકને બદલવામાં મહત્વની ભુમિકા ભજવશે.

● મનમોહનસિંહ પરિવાર પેકીંગમાં વ્યસ્ત

દેશના વડાપ્રધાનના સરકારી નિવાસસ્થાન ૭ રેસકોર્સ રોડ ખાતે હાલમાં ખુબ ચહલપહલ છે. પ્રધાનમંત્રીનું પદ છોડવા માટે હવે માત્ર એક અઠવાડિયું બાકી રહ્યું છે. ત્યારે ડૉ. મનમોહન સિંહના પરિવારજનો અને સ્ટાફ પેકીંગમાં વ્યસ્ત છે. તેઓ હવે આવાસ ૩, મોતીલાલ નહેરુ માર્ગ ખાતે મળેલા તેમના નવા નિવાસસ્થાને બધો જ માલસામાન પહોંચાડી રહ્યા છે.

● મનમોહને વિશ્વના નેતાઓને ફેરવેલ પત્ર પાઠવ્યો

છેલ્લા દસ વર્ષથી ભારત જેવા વિશાળ દેશનું વડાપ્રધાનપદ શોભાવનાર મનમોહનસિંહ હવે માત્ર થોડાક જ દિવસ પોતાના પદ પર રહેશે. તેમણે અગાઉ જ એવો સંકેત આપી દીધો હતો કે યુપીએ-૩ સરકાર રચશે તો પણ તેઓ હવે કોઈ પદ નહી સ્વીકારે. તેઓએ તાજેતરમાં વિશ્વના બધા જ દેશોના પ્રમુખો અને નેતાઓને સહયોગ આપવા બદલ ફેરવેલ પત્ર પાઠવ્યો છે.

ગાંધીનગરમાં સમીસાંજે વાદળો ઘેરાયા

ગરમીમાં સહેજ ઘટાડો : તાપમાન ૩૯.૨ ડિ.સે. : રાજ્યમાં કેટલાક સ્થળોએ કમોસમી વરસાદ : ગાંધીનગરમાં વાદળો છવાતા છાંટા પડ્યા : વીજળીના ચમકારા

ગાંધીનગર, તા. ૧૦

છેલ્લા ઘણા દિવસોથી પડી રહેલી કાળઝાળ ગરમીમાં શનિવારે થોડીક રાહત મળી હતી. શનિવારે બપોર બાદ વાતાવરણમાં ફેરફાર થયો હતો અને આકાશમાં થોડાક વાદળો ઘેરાયા હતા. કેટલાક સ્થળોએ છાંટા પણ પડ્યા હતા.

ગાંધીનગર સહિત સમગ્ર ગુજરાતમાં છેલ્લા કેટલાય દિવસોથી કાળઝાળ ગરમી પડી રહી છે. મહત્તમ તાપમાન ૪૧ થી ૪૩ ડિગ્રીની વચ્ચે ફરી રહ્યું છે. છેલ્લા અઠવાડિયાથી તો ત્રાહિમામ પોકારી ઉઠો તેવી આકરી ગરમી પડી રહી છે. જો કે શનિવારે બપોર બાદ વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો. આકાશમાં વાદળો ઘેરાયા હતા. જેના કારણે તાપમાન નીચુ આવ્યુ હતુ. લુ નુ પ્રમાણ ઓછુ થઈ ગયુ હતુ. ઈન્ફોસિટી સહિત કેટલાક સ્થળોએ વરસાદી છાંટા પડ્યા હતા. વાદળો છવાતા વાતાવરણ આહલાદક બન્યું હતું. શનિવારે મહત્તમ તાપમાન ૩૯.૨ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૨૭.૨ ડિ.સે. નોંધાયું હતું. ભેજનું પ્રમાણ સવારે ૬૫ ટકા અને સાંજે ૩૨ ટકા રહ્યું હતું.

કેટલાક શહેરોમાં કાળઝાળ ગરમી પડી રહી છે. તો રાજ્યના કેટલાક વિસ્તારોમાં વાતાવરણ પલટાયુ છે અને વાદળછાયા વાદળ સાથે કમોસમી વરસાદ થવા પામ્યો છે. આજે દિવસ દરમ્યાન પાટણ જિલ્લાના હવામાનમાં પલટો આવવા પામ્યો છે. અને વાદળછાયા વાતાવરણ સાથે કમોસમી વરસાદ થવા પામ્યો હોવાનું જાણવા મળે છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

મધર્સ ડે - ભારતીય સંસ્કૃતિમાં 'મા'નો મહિમા અમૂલ્ય ગણાવાયો છે... માતૃદેવો ભવઃ વેદ મંત્રને ભારતીય સમાજે ચરિતાર્થ કર્યો છે... 'મા' એટલે પ્રેમની પાઠશાળા અને જીવનની સૌથી મોટી યુનિવર્સિટી... એમ કહેવાય છે કે, ઈશ્વર બધી જગ્યાએ પહોંચી શકતા ન હોવાથી તેને 'મા'નું સર્જન કર્યું... 'મા' એટલે ઈશ્વર, 'મા' એટલે પ્રકૃતિ અને સંસ્કૃતિ, અને 'મા' એટલે પ્રેમનું પર્વ... આવો આપણે સૌ 'મા'ના ગુણગાન ગાઈને જ નહિ સાચા અર્થમાં આપણા સમાજમાં આદરપૂર્વક 'મા'નું સ્થાન ગરિમાપૂર્ણ બનાવીએ.... શિશુ અવસ્થાથી લઈ કિશોર અવસ્થા સુધી 'મા'નો ખોળો સલામતિનો ભાવ આપે છે અને સ્વર્ગ કરતા પણ વધુ સુખની અનુભૂતિ કરાવે છે એવા સુંદર વિચાર સાથે ગાંધીનગરના જાણીતા સ્કલ્પચર આર્ટીસ્ટ હરિન ભટ્ટે 'મધર્સ ડે' નિમિત્તે ભાવસભર કૃતિ નિર્માણ કરી છે...

...તો અમિત શાહને વડોદરાથી ચૂંટણી લડાવાશે

મોદી વારાણસી બેઠકનું પ્રતિનિધિત્વ કરશે : નરહરી અમીનને નારણપુરાની ખાલી બેઠક પરથી ચૂંટણી લડાવી મંત્રીમંડળમાં સ્થાન અપાશે !

ગાંધીનગર, તા. ૧૦

નરેન્દ્ર મોદીને પી.એમ. પદના ઉમેદવાર જાહેર કરાયા ત્યારથી જ ગુજરાતના રાજકારણમાં મોટી ઉથલ-પાથલ થવાની શક્યતાઓ તોળાઈ રહી છે. આવા સંજોગોમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ રાજનાથસિંહે મોદી વારાણસી બેઠકનું પ્રતિનિધિત્વ કરશે તેવી જાહેરાત કરી દેવાતા વડોદરાની ખાલી બેઠક પર ભાવિ પૂર્વ ગૃહમંત્રી અમિત શાહને ચૂંટણી લડાવાશે. આ ઉપરાંત જ્યારે નારણપુરાની તેમની બેઠક ખાલી પડતા આ બેઠક પરથી નરહરી અમીનને ચૂંટણી લડાવવામાં આવે તેવી શક્યતા છે.

નરેન્દ્ર મોદીને પી.એમ. પદના ઉમેદવાર તરીકે ભાજપે પ્રમોટ કરતા લોકસભાનો ચૂંટણીજંગ વધુ હાઈપ્રોફાઈલ બની ગયો હોય તેવું ચિત્ર ઉપસી આવ્યું છે. જ્યારે વારાણસી અને વડોદરા તેમ બે જગ્યાએથી ચૂંટણી લડતા મોદી ચૂંટણી પરિણામ બાદ વડોદરા બેઠક પરથી રાજીનામુ આપશે ! ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ રાજનાથસિંહે નરેન્દ્ર મોદીની વારાણસીમાં જીત નિશ્ચિત હોવાનુ માની આ બેઠક પરથી મોદી પ્રતિનિધિત્વ કરશે તેવી જાહેરાત કરી દીધી છે. આવા સંજોગોમાં ગુજરાતના રાજકારણમાં સંભવિત ઉથલપાથલના લીધે નવા રાજકીય સમીકરણો મંડરાઈ રહ્યા છે. મોદી વારાણસી બેઠકનું પ્રતિનિધિત્વ કરવાના હોવાથી વડોદરા બેઠક ખાલી પડશે. જ્યારે આ બેઠક પરથી અમિત શાહને ચૂંટણી લડાવવામાં આવશે. અમિત શાહ હાલ વિધાનસભામાં નારણપુરાનુ પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. જ્યારે નારણપુરાની બેઠક પણ ખાલી પડશે. આવા સંજોગોમાં કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયેલા સનિયર નેતા

● અનુસંધાન પાન-૭ પર

ડીજી વણઝારા ૨૨ દિવસ બાદ કાયદેસર નિવૃત્ત થશે

અમદાવાદ, તા.૧૦

સુપર કોપ તરીકે છાપ ધરાવતા અને એક કરતા વધુ એન્કાઉન્ટર કેસોમાં ભૂમિકા નિભાવનારા ડીજી વણઝારા છેલ્લા સાત વર્ષથી જેલમાં બંધ છે. ગત વર્ષે જેલમાંથી તેમણે રાજીનામું આપી ખળભળાટ મચાવી દીધો હતો. પરંતુ તેમનું રાજીનામું રાજ્ય સરકારે સ્વીકાર્યું ન હતું. સુત્રોની મળતી માહિતી અનુસાર ડીજી વણઝારા ૨૨ દિવસ બાદ કાયદેસર રીતે નિવૃત્ત થાય છે. તેથી પરિસ્થિતિમાં તેઓ શું કરશે તેવો સવાલ પોલીસ બેડામાં ચર્ચાઈ રહ્યો છે. ઈશરત જહાં, સાદિક જમાલ અને સોહરાબુદ્દીન નકલ એન્કાઉન્ટરમાં સંકળાયેલા અને છેલ્લા સાત વર્ષથી જેલવાસ ભોગવી રહેલા સુપર કોપ આઈપીએસ ડીજી વણઝારા આગામી ૨૨ દિવસ બાદ કાયદેસર નિવૃત્ત થઈ રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

ભાડે આપવાની છે ઓફિસ
ગુજરાત રાજ્ય સહકારી ખાંડ ઉદ્યોગ સંઘની પ્લોટ નં. ૨૭૭, સેક્ટર -૧૯, ગાંધીનગરની ૪૮૪૨ ચો. ફુટ બાંધકામવાળી પ્રથમ, બીજા અને ત્રીજા માળ પરની મિલ્કત.
નિયત ફોર્મ-ફોર્મ મેળવી દિન-૧૦ માં ઝડમેટ કરવું
Ph. 23221690, 23220877, 23229267

ગાંધીનગર માટે
આપનું LED TV, LCD TV & Colour TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી ફક્ત ફોન કરો
૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬, ૯૪૨૬૨ ૭૦૪૮૧

Rotary
કારકિર્દી મેળો
FUTURA' 14
રોટરી એજ્યુકેશન એન્ડ કેરીયર ફેર
વિદ્યાર્થીઓ, વાલીઓ અને શૈક્ષણિક સંસ્થાઓનો ત્રિવેણી સંગમ આવો અને બધી માહિતી એક જ સ્થળે મેળવો
તારીખ : ૧૧ મે, રવિવાર ૨૦૧૪, સવારે ૧૦.૦૦ થી ૮.૦૦ કલાક
સ્થળ : ઉમિયા માતાજી સંસ્થાન, બલરામ ભવનની બાજુમાં, સેક્ટર-૧૨, ગાંધીનગર
આજે છેલ્લો દિવસ
તજ્ઞો દ્વારા લેવાનાર અજના વિશેષ વ્યક્તવ્ય વિષયો :
તારીખ : ૧૧-૫-૨૦૧૪, રવિવાર
આજે છેલ્લો દિવસ

સમય	વિષય	વક્તા
૧૦.૩૦ થી ૧૧.૩૦	ઈન્ટરવ્યુ માટેની તૈયારી અને બાયોડેટામાં લખાણની માહિતી	શ્રી જીજ્ઞેશ શાહ (ડાયરેક્ટર એચ.આર. વાઇ-બ્રકરી શા)
૧૧.૩૦ થી ૧૨.૩૦	ઉચ્ચ શિક્ષણ માટે માર્ગદર્શન	ડૉ. ભાવીન પંડ્યા (કડી સર્વ વિદ્યાલય)
૫ થી ૬	આંતરરાષ્ટ્રીય સુરક્ષા, સામાજિક વિજ્ઞાન વગેરે વિષયની માહિતી	ડૉ. આલોક ગુપ્તા તથા અન્ય (સેન્ટ્રલ યુનિ. ઓફ ગુજરાત)
૬ થી ૭	એનીમેશન, ગ્રાફિક્સ અને ગેમીંગમાં ઉચ્ચ તકો અને માહિતી	સંગીતા મહેર ચંદાની (અરેના એનિમેશન)
૭ થી ૮	સાયન્સ, કોમ્પ્યુટર અને બાયોટેક્નોલોજી વિષયની માહિતી	ડૉ. અશ્વિનપુરી (પુરી ફાઉન્ડેશન)

રોટરી બુક સ્ટોલમાં ૩૫ થી ૫૦ ટકા સુધીના ડિસ્કાઉન્ટ ઉપર અમૂલ્ય અને અત્યંત ઉપયોગી પુસ્તકો મળશે.
મુખ્ય સહયોગી સંસ્થાઓ : કડી સર્વ વિદ્યાલય, અલપત યુનિવર્સીટી, ગુજરાત પાવર એન્જિનીયરીંગ એન્ડ રીસર્ચ એસોસીએશન, યુનિવર્સીટી ઓફ ઈન્ફોરમેટીક્સ એન્ડ કોમ્યુનીકેશન ગાંધીનગર
આયોજક : Rotary રોટરી ક્લબ ઓફ ગાંધીનગર
બેનર્સ, લીફલેટ ડીસ્ટ્રીબ્યુશન માટે સંપર્ક કરો : ૯૯૭૪૦૯૯૮૦૨, ૯૩૪૪૦૯૧૦૧૫